# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902** **Email*suratdeo@gmail.com*** ***Web – deosurat.org***


જા.નં. 16806

તા:29/૦૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

જિલ્લો – સુરત

વિષય : તેજસ્વી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્દિધઓનો સન્માન કાર્યક્રમ કરવા બાબત

સંદર્ભ : અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાતની તા:૨૬-૦૫-૨૦૨૬ ના રોજની વિડિયો કોન્ફરન્સમાં મળેલ સૂચના અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આપની શાળાના વિદ્યાર્થીઓએ નીચે જણાવ્યા મુજબની પરીક્ષાઓમાં મેળવેલ સિદ્દિધઓ બદલ શાળા કક્ષાએ સન્માન કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

- ધોરણ ૧૦ ધોરણ ૧૨ ની જાહેર પરીક્ષામાં A1 ગ્રેડ પ્રાપ્ત વિદ્યાર્થીઓ
- GUJCET પરીક્ષામાં વિશિષ્ટ સિદ્દિધ મેળવેલ વિદ્યાર્થીઓ
- JEE અને NEET પરીક્ષા,ખેલ મહાકુંભ, કલા મહાકુંભમાં સફળ થનાર વિદ્યાર્થીઓ
- જુદાં જુદાં ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત હોય તેમજ સમાજમાં આગવી છાપ ધરાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન

આ પ્રકારના સન્માન કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રોત્સાહન વધશે, અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા મળશે તેમજ શિક્ષણ પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસશે. આવા કાર્યક્રમો શિક્ષકો અને શાળાની પ્રતિષ્ઠા વધારવામાં પણ મદદરૂપ થશે.

હાલ DROP OUT વિદ્યાર્થીઓના સર્વેની કામગીરી પણ કાર્યરત છે. આપની શાળાના DROP OUT વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ શિક્ષકોને વિદ્યાર્થીઓની વ્યક્તિગત સોંપણી કરવી, તેઓને સોંપેલ વિદ્યાર્થીઓનો વ્યક્તિગત સંપર્ક કરી તેઓને માર્ગદર્શિત કરવાના રહેશે. DROP OUT વિદ્યાર્થીઓનો નવા સત્રમાં પુન: પ્રવેશ કરાવી તેમના પ્રત્યે વિશેષ ધ્યાન આપી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ કાર્ય પૂર્ણ કરે તેવું આયોજન કરવું. આ શિક્ષણના સેવાયજ્ઞમાં જોડાઈને વિદ્યાર્થી અને દેશના વિકાસમાં સહકાર આપશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

નકલ રવાના – નાયબ નિયામકશ્રી (મહેકમ), કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર